# પુરાતન સ્થાપનાનું પુસ્તક.

---

ઈબ્રી ભાષામાંથી ગુજરાતી ભાષામાં ઉતારેલાં;

મુંબઈની પવિત્રપુસ્તકની મંડલીને સારૂ છાપેલાં.

૧૮૬૧.

---

## The Holy Scriptures in Gujarati.

---

### Vol. II.

SURAT:

PRINTED AT THE PRESBYTERIAN MISSION PRESS.

FOR THE BOMBAY AUXILIARY BIBLE SOCIETY.

---

MDCCCLXI.

Zguj
861
v.2

# અયૂબનું પુસ્તક.

ઊજ દેશમાં પુરૂષ હતો, તેનું નામ અયુબ; ને તે પુરૂષ સાધુશીલ તથા યથાર્થ ૧
હતો, ને દેવથી બિહીનાર હતો, ને ભુંડાથી હટનાર હતો. ને તેને સારૂ સાત દિકરા ૨
તથા ત્રણ દિકરીઓ જન્મ્યાં. ને તેની સંપત્તિ સાત હજાર મેંઢા, ને ત્રણ હજાર ૩
ઊંટ, ને બળદોની પાંચશેં જોડ, ને પાંચશેં ગધેડીઓ, ને બહુ ઘણા દાસો હતા. ને
પૂર્વમાંના મોટામાં મોટો એજ પુરૂષ હતો. ને તેના દિકરા ગયા; ને એક એકે ૪
પોતાને દિવસે ઘરમાં ઉજાણી કિધી; ને તેઓએ મોકલીને પોતાની સાથે ખાવા-
પિવા સારૂ પોતાની ત્રણ બહેનોને તેડી. ને એમ થયું, કે તેઓએ ઉજાણીના ૫
દિવસ પૂરા કર્યા, ને અયુબે મોકલીને તેઓને પવિત્ર કિધાં; ને સકાળે ઉઠીને સર્વની
ગણતી પ્રમાણે દહનીયાર્પણ કિધાં; કેમકે અયુબે કહ્યું, મારા દિકરાઓએ પાપ
કરીને પોતાના હૃદયમાં દેવની સ્તુતિ કિધી હશે; એમ અયુબ સર્વ દિવસ કરતો.
અને દિવસ આવ્યો; ને દેવના દિકરા પ્રભુની પાસે ઉભા રેહેવાને આવ્યા; ને ૬
શૈતાન પણ તેઓ મધ્યે આવ્યો. ને પ્રભુએ શૈતાનને કહ્યું, તું કાંહાંથી આવ્યો? ૭
ને શૈતાને પ્રભુને ઉત્તર આપીને કહ્યું, પૃથ્વીમાં ફરીવળ્યાથી ને તેમાં ચાલ્યા કર્યાથી.
ને પ્રભુએ શૈતાનને કહ્યું, શું તેં મારા સેવક અયુબ પર તારૂં ચિત્ત લગાડ્યું છે? કે ૮
પૃથ્વી પર તેના સરખો કોઈ નથી, સાધુશીલ તથા યથાર્થ માણસ દેવથી બિહીનાર
તથા ભુંડાથી હટનાર? ને શૈતાને પ્રભુને ઉત્તર આપ્યું, ને કહ્યું, શું અયુબ મફત દેવથી ૯
બિહેછે? શું તેં તેની આસપાસ તથા તેના ઘરની આસપાસ તથા તેનું જે સર્વ છે તેની ૧૦
આસપાસ ચારેગમ વાડ કિધી નથી? તેં તેના હાતોનાં કામને આશીર્વાદ આપ્યો છે;
ને દેશમાં તેની સંપત્તિ વધીગઈ છે. પણ તારો હાત લગાડીને તેનું જે સર્વ છે, ૧૧
તેનો સ્પર્શ કરજે; નહીં તો તે તારી સન્મુખ તારી સ્તુતિ તો કરશેજ. ને પ્રભુએ ૧૨
શૈતાનને કહ્યું, જો, તેનું જે સર્વ છે, તે તારા હાતમાં; કેવલ તેનેજ તારો હાત ન
લગાડ. ને શૈતાન પ્રભુની સન્મુખથી નિકળી ગયો.
અને દિવસ આવ્યો, ને તેના દિકરા તથા તેની દિકરીઓ પોતાના વડા ભાઈના ઘરમાં ૧૩
ખાતાં, તથા દ્રાક્ષારસ પિતાં હતાં. ને અયુબને સંદેશીઆએ આવીને કહ્યું, બળદો ખેડતા ૧૪
હતા; ને તેઓની પાસે ગધેડીઓ ચરતી હતી; ને સાબીઓએ હોમલો કરીને ૧૫
તેઓને લૈ લિધા; ને તેઓએ તલવારની ધારથી જવાનોને મારયા છે; ને કેવલ
હું તને સંદેશો આપવાને બચ્યો છું. ને તેના બોલતાં, બિજો આવ્યો, ને કહ્યું, દેવનો ૧૬
અગ્નિઆકાશથી પડ્યો છે, ને મેંઢાંને તથા જવાનોને બાળીને ખાઈનાંખ્યાં છે; ને